નીકળ્યા અને સંવત ૨૦૦૫માં કેશોદ પાછા આવ્યા. તેમનો વૈરાગ્ય હવે ખૂબ જ ગાઢ બન્યો હતો. તેમણે વ્યાસ આશ્રમમાં રહેવાને બદલે તેમના એક શિષ્ય લખમણભાઇની વાડીએ ઝુપડી બાંધીને નિવાસ કર્યો અને સંવત ૨૦૦૮માં ગુરૂપૂર્ણિમાનાં ઉત્સવમાં સેંકડો ભાવિકજનો - સેવકો ઉમટી પડ્યા ત્યારે તેમણે બધાને જપનો મહિમા સમજાવ્યો પછીથી તેઓએ બોલવાનું બંધ કરી મૌનવ્રત ધારણ કર્યુ. ઘરબાર છોડીને જંગલમાં વસવાટ કર્યો અને વાસણ અને કપડાનો પણ ત્યાગ કરી ફક્ત હાથમાં જ લઇને ભોજન કર્યુ. તેઓ દુનિયાના દરેક તિર્થસ્થાનોમાં ફરી વળ્યા હતાં.

બીજા વિશ્વયુદ્ધ પછીની મંદિ દરેકને આંબી ગઇ હતી. આઝાદી પછી ભારતમાં અન્નભંડારો ખૂટી પડ્યા હતા. ધનધાન્યના ભાવો આસમાને પહોચી ગયા હતા ત્યારે સ્વામિજી મધ્યમ વર્ગ અને નીચલા વર્ગનાં પરિવારોની વહારે ચડ્યા હતા અને તેમણે આ વર્ગના લોકોને રાહતભાવે અનાજ આપવાની જાહેરાત કરી અને મઢીમાંથી અનાજ-વિતરણ શરૂ કર્યુ. તેજ રીતે તેમણે વેરાવળ-ચોરવાડ-માળીયા-જામધજોપુર-વાંસજાળીયા-કેશોદ વિગેરે ગામોમાં પણ રાહતભાવે અનાજ વિતરણનું કાર્ય વિસ્તાર્યુ. સાવ ગરીબ માણસોને તેમણે વિનામુલ્યે અનાજ વિતરણ કર્યુ હતું જેનો લાખોની સંખ્યામાં જરૂરીયાતમંદોએ લાભ લીધો હતો. તેમણે માળીયા (હાટીના)માં નદીકાંઠે સાધુ-સંતો-ભક્તોને ઉતરવા માટે ધર્મશાળા તેમજ વેરાવળમાં પણ અમૃતલાલભાઇ સુંદરજી નથવાણીનાં નામે આશ્રમ બંધાવ્યા હતા. સ્વામી શ્રી મહેશ્વરાનંદજી જીવનનાં છેલ્લા વર્ષોમાં પણ સાધનામાં રત રહેતા હતા. તેઓનાં આખરી દિવસોમાં તેઓ ગંભીર માંગદીમાં પટકાયા અને તેમને પ્રથમ મુંબઇમાં સારવાર અપાઇ ત્યારબાદ ભાટીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને કેન્સરની ગાંઠનું ઓપરેશન કરાવ્યુ પછીથી તેમની તબિયત વધુ પડતી બગડતા તેઓને કેશોદ પાછા લઇ જવામાં આવ્યા, જ્યાં તેઓ સંવત ૨૦૨૪ (ઇ.સ. ૧૯૬૮)માં માગશર સુદ ૭ના રોજ તેમનો આત્મા પરમતત્વમાં વિલીન થયો, તેમના પાર્થિવ દેહને પોરબંદરનાં સાગરકાંઠે જળસમાધિ આપવામાં આવી.

આમ શ્રી મહેશ્વરાનંદજીએ પ્રભુભક્તિની સાથોસાથ અનેકવિધ સમાજ સેવાકીય કાર્યો કરી માનવસમાજનાં ઉત્કર્ષ અર્થે પોતાનું અનન્ય યોગદાન આપેલ હતુ.

## સરસ્વતીનાં આરાધકો - નિજામી પ્રણામી સંપ્રદાયના પ્રવર્તક

# સ્વામી શ્રી પ્રાણનાથજી મહારાજ

સ્વામિશ્રી પ્રાણનાથજી મહારાજ (પૂર્વાશ્રમનું નામ મિહિરરાજ)નો જન્મ જામનગરનાં દિવાન કેશવજી ઠક્કરને ત્યાં વિક્રમ સંવત ૧૬૭૫નાં આસો વદ ચતુર્થીને રવિવારના દિને થયો હતો. ગુજરાતમાં અનેક સંપ્રદાયો સ્થપાયા જેમાં રવિ ભાણ સંપ્રદાય, કબિર સંપ્રદાય, નાથ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય, નિજારી પંથ, વિગેરે તેમજ તેમાંથી પણ કેટલાક ઉપસંપ્રદાયો થયાં તેમાનો એક સંપ્રદાય એટલે નિજાનંદ સંપ્રદાય. નિજાનંદ સંપ્રદાયના સ્થાપક પંડિત દેવચંદ્ર મહારાજ હતાં અને તેમનાં સમર્થ શિષ્ય સંત શ્રી પ્રાણનાથજી મહારાજનાં પ્રબળ પ્રભાવનાં કારણે આ સંપ્રદાય નીજાનંદ પ્રણામી સંપ્રદાય તરીકે ઓળખાયો અને પ્રસિદ્ધિ પામ્યો. જામગનરના દિવાન કેશવજી ઠક્કરને ત્યાં માતા ધનબાઇની કુખે પાંચ પુત્રો થયાં જેમાં સૌથી નાના પુત્ર મિહિનો જન્મ થતાં સમર્થ પંડિતો પાસે બાળકની કુંડળી કઢાવતાં પંડિતોએ જણાવ્યુ કે, આ પુત્ર મિહિર અસાધારણ થશે અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી પ્રકાશ ફેલાવશે. દોમ-દોમ સાહ્યબીમાં ઉછરેલા બાળક મિહિર પાંચ વર્ષનો થતાં તેને શાળામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાર પછી આ તેજસ્વી દિવાનપુત્રે નાની ઉંમરમાં સારા અભ્યાસની સાથોસાથ વિવિધ શાસ્ત્રો ઉપરાંત રાજનિતી વ્યાકરણ, ન્યાયના સિદ્ધાંતો તેમજ હિન્દી, સંસ્કૃત અને ફારસી ભાષાનું જ્ઞાન મેળવી તેમાં પારંગતતા પ્રાપ્ત કરી બાર વર્ષની નાની ઉમરે વિવિધ શાસ્ત્રોમાં તેમણે પ્રવિણતા મેળવી. આ સમયે મુળ મારવાડના વતની સંત દેવચંદ્રજી અણહીલવાડ પાટણમાં વસતા હતા તેઓ સંત કબીર સાહેબના પુત્ર કમાલસાહેબ જ્યારે કાશીથી નીકળી ગુજરાતમાં કબીર સંપ્રદાયની પરંપરા અને કથાનાં પ્રચાર - પ્રસાર અર્થે ગુજરાતના પાટણમાં આવ્યા ત્યારે પંડિત દેવચંદ્રજી તેમનાં જ્ઞાનનથી પ્રભાવિત થતાં દેવચંદ્રજી તેમનાં શિષ્ય બન્યાં અને કબિરસાહેબની નિર્ગુણ વિચારધારાને સ્વિકારીને પંડીત દેવચંદ્રજીએ એક નવો સંપ્રદાય 'નિજાનંદ' સંપ્રદાય નામે સ્થાપિત કર્યો. આ સમયે દેવચંદ્રજીએ કાનજી ભટ્ટ પાસેથી ભાગવત સપ્તાહનું ચૌદ વર્ષ સુધી શ્રવણપાન પણ કરેલુ હતુ અને ભગવાન કૃષ્ણે તેમને પ્રેરણા આપી એટલે તેમણે કબીર સંપ્રદાયની વિચારધારા અને શ્રીકૃષ્ણ ભક્તિ બંનેનો સમન્વય કરી 'નિજાનંદ પ્રણામી સંપ્રદાય'ની જામનગર ખાતે સ્થાપના કરી અને તેમનાં પ્રથમ શિષ્ય બન્યાં ગાગજીભાઇ ઠક્કર.

આ સમયે જામનગરનાં દિવાન કેશવજી ઠક્કરનાં પુત્ર અને મિહિરના ભાઇ ગોરધનભાઇ ગાગજી ઠક્કરને ત્યાં સંત દેવચંદ્રજીનો ઉપદેશ સાંભળવા જતાં. એક વખત મિહિર પણ મોટાભાઇ સાથે ગાગજી ઠક્કરને ત્યાં ગયો અને સંત દેવચંદ્રજી મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા હતાં તેમને પ્રણામ કરવા નીચે નમતા તેમનાં ખિસ્સામાંથી સંસ્કૃતમાં લખાયેલા અધ્યાત્મનાં જ્ઞાનલક્ષી ઉચ્ચાર લખાણોનાં કાગળો નીચે પડ્યાં. આ જ્ઞાનલક્ષી લખાણો જોઇ-વાંચી દેવચંદ્રજી મહારાજ પામી ગયા કે, આ મહાસમર્થ અસામાન્ય બાળક છે અને તેમણે મિહિરના માથા ઉપર હસ્ત મુકી આશિર્વાદ આપ્યા અને સંતનો સ્પર્શ થતાં બાળક મિહિરના અંતરનાં દરવાજા ઉઘડી ગયા અને મિહિરની પ્રભુભક્તિ કરવાની ઇચ્છા પ્રબળ બની અને તેણે પંડિત દેવચંદ્રજી પાસે નિજાનંદ સંપ્રદાયની દિક્ષા લીધી. પછીથી બંને ભાઇઓ સંસારમાંથી વિરક્ત બની વધુ પડતો સમય ગુરૂના સાનિધ્યમાં રહેવા લાગ્યા. આ બાબતની જાણ દિવાન કેશવજી ઠક્કરને થતાં તેમણે બંને દિકરાઓને બોલાવી કહ્યુ કે, આપણે જામનગરના દિવાન છીએ. સાધુ-સંતો સાથે આટલુ બધુ હળવુ-મળવુ સારૂ નહિં. તેમ છતાં તમારે આ પંથે જવુ હોય તો દેવચંદ્રજીની પાસે જવાને બદલે સંસારમાં રહી ભક્તિ કરવાની કળા શીખવે એવા કાનજી ભટ્ટ પાસે તમે જાઓ. ત્યાર પછી બાળક મિહિરએ કાનજી ભટ્ટ પાસે જઇ આધ્યાત્મના એવા ગહન સવાલો પુછ્યા કે જેનો સંતોષકારક જવાબ ન મળતાં બંને ભાઇઓ ફરીથી દેવચંદ્રજી મહારાજ પાસે જવા લાગ્યા. આ જાણી દિવાન કેશવજી ઠક્કરને લાગ્યુ કે, આમને આમ ચાલશે તો એક દિવસ મિહિર સાધુ બની જશે એટલે તેમણે કુતિયાણાનાં પ્રેમજી ઠક્કરની

**સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**